Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

## –: પરિપત્ર :–

યુનિવર્સિટીની વાણિજ્ય, વિનયન, વિજ્ઞાન, કોમ્પ્યુટર સાયન્સ, મેનેજમેન્ટ અને રૂરલ સ્ટડીઝ વિદ્યાશાખાઓની આગામી ઓક્ટોમ્બર/નવેમ્બર–૨૦૨૪ની સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ સેમેસ્ટર–૧ પરીક્ષાના આવેદનપત્રો તા.૨૨/૧૦/૨૦૨૪ સુધીમાં ભરવાના રહશે. ABC ID તેમજ UDISE સાથે ફરજીયાત પણે ભરાવવાના રહશે..

વધુમા ઓફલાઈન વિદ્યાર્થીઓના આવેદનપત્રો ઉપરોક્ત સેમેસ્ટરો મુજબ ઉપરોક્ત તારીખમાં ભરાવી યુનિવર્સિટી ખાતે ૨(બે) દિવસમાં જમાં કરાવવાના રહેશે.

આ પરિપત્ર જાહેર થયા પછી જે પરિણામ જાહેર થશે, તેઓના ફોર્મ પરિણામ જાહેર થયાના તારીખ થી સાત(૭) દિવસમાં ભરાવવાના રહેશે તમામ ફોર્મો વિદ્યાર્થીઓ પાસેથી ઓનલાઈન ભરાવી તેમજ તેઓના આવેદનપત્રો વેરીફાઈ કરી વિદ્યાર્થીઓની યાદી જે તે વિદ્યાશાખાઓમાં ઈ–મેઈલ કરવાના રહેશે. તેમજ પરીક્ષા/સંકલન/૧૯૦૬૫/૨૦૨૪, તા.૧૩–૦૯–૨૦૨૪નાં પરિપત્ર મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

નવા અભ્યાસક્રમ મુજબ તમામ વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવાના રહેશે. જેની અચૂક નોંધ લેવી.

જે વિદ્યાર્થીઓ પુરક પરીક્ષામાં ગેરરિતી કરતા માલુમ પડેલ તેવા વિદ્યાર્થીઓએ ઓકટોમ્બર/નવેમ્બર–૨૦૨૪ની પરીક્ષામાં આવેદનપત્રો ભરાવવાના રહશે નહી.

નોંધ:- NON NEP માંથી NEP અભ્યાસક્રમમાં પ્રવેશ પોલીસી અન્વયે ક્રમાક : એકે / NEP /31443 /2023 તા.૨૦/૧૨/૨૦૨૩ના પરિપત્ર મુજબ પરીક્ષાના આવેદનપત્રો ભરાવવાના રહશે..

વધુમાં નિયત કરેલ તારીખ ત્યારબાદના પરીક્ષાઓના આવેદનપત્રો ભરવાના રહી ગયા હોય તેવા વિદ્યાર્થીઓના આવેદનપત્રો સિન્ડીકેટની તા.૧૮/૧૦/૨૦૧૬ની બાબત ક્રમાંક–૧૭ (૨) અન્વયે લેઇટ ફી સાથે સ્વીકારવામાં આવશે જેની નોંધ લેવી.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સિન્ડીકેટ તા.૦૨/૧૧/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક:૧૧૮ અન્વયે પત્ર ક્રમાંક: પરીક્ષા/સંકલન/૦૨૯૫૪૭/૨૦૨૪, તા.૧૩–૦૯–૨૦૨૪નાં પરિપત્ર મુજબ ફી ભરવાની રહશે.

પરીક્ષાના આવેદનપત્રોની પરીક્ષા ફીની રકમ ઓનલાઈન ડેબીટ કાર્ડ/ ક્રેડીટ કાર્ડ/ઈન્ટરનેટ બેન્કીગ માધ્યમથી તથા NEFT/ SBI Branch Payment(Cash) દ્વારા નીચે જણાવેલ પ્રક્રિયા મુજબ ભરવાની રહશે.

❖ **NEFT Challan Generate:**

**Payment Mode** માં Online Select કરી Initative Online Payment પર click કરી SBI Payment Geteway open કર્યા પછી NEFT Option Select કરી Mobile No. તથા Email ID Enter કર્યા બાદ Pay Now પર Click કરતા ચલન જનરેટ થશે, જે કોઈ પણ બેંકમા (SBI સિવાયની)બેંકમાં જમા કરી શકાશે.

❖ **SBI Branch Payment(Cash)**

Custom Name, Mobile No, & Email ID Enter કર્યા બાદ Pay Now પર Click કરતા ચલણ જનરેટ કરવું, ચલણ કાઢયા પછી કોઈ પણ SBI Bank Branch માં Cash/Payment જમાં કરવાનું રહશે.

- ➢ સદર પરિપત્રની વિદ્યાર્થીઓને ફરજીયાત જાણ કરવાની રહેશે.
- ➢ જે કિસ્સામાં ઓનલાઈન તથા NEFT થી ચુકવણી કરેલ છે. તેવા કિસ્સામાં રૂબરૂ યુનિવર્સિટી ખાતે આવવાની જરૂર નથી.
- ➢ ઓનલાઈન ફોર્મ ભરવામાં કોઈ મુશ્કેલી જણાય તો નીચે આપેલ હેલ્પલાઈન નંબરનો કાર્યાલય સમય દરમ્યાન સંપર્ક કરી આવેદનપત્ર નિયત સમય મર્યાદામાં ભરી જ દેવાના રહશે.
- ➢ પરીક્ષાનાં ફોર્મ કોલેજ કક્ષાએ થી જરૂરી ચકાસણી કરી ભરવાનાં રહેશે જે અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે કોલેજની રહેશે.
- ➢ **Helpline No : 9723433969, 8155063979, 8155063980, 9723433972,0261-2203057**

ક્રમાંક: પરીક્ષા/સંકલન/૧૯૫૧૭/૨૦૨૪
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
સુરત. તા. :૨૧/૦૯/૨૦૨૪.

ઇ.ચા.પરીક્ષા નિયામક

નકલ સવિનય રવાના પ્રતિ,
૧.સિસ્ટમ મેનેજર,પરીક્ષા વિભાગ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
૨.મુખ્ય હિસાબી અધિકારીશ્રી, હિસાબી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
૩.યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/કો–ઓર્ડિનેટરશ્રીઓ/વિભાગીય વડાશ્રીઓ તરફ જાણ સારૂં...

Scanned by CamScanner